જાન્યુઆરી ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ

## માફી માંગવાનું મહત્ત્વ



# અક્રમ એક્સપ્રેસ

## માફી માંગવાનું મહત્ત્વ

બાળમિત્રો,

'સોરી' શબ્દનો આપણે આપણા જીવનમાં હાલતા ને ચાલતા ઉપયોગ કરીએ છીએ. એનો અર્થ થાય છે 'હું માફી માંગું છું.' ક્યારેય વિચાર્યું છે કે આ ઘડી ઘડી માફી માંગવાની શા માટે? એનું શું મહત્ત્વ છે ? શું માફી માંગવાથી માફી મળી જાય છે ? ભૂલો થતી અટકી જાય છે ?

આનું અદ્‌ભૂત વિજ્ઞાન પરમપૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં ખુલ્લું કર્યું છે. આ ઉપરાંત, વાર્તાઓમાં મનથી, વાણીથી અને વર્તનથી કોઈને દુઃખ અપાઈ ગયા પછી માફી માંગવાથી કેવું સુંદર પરિણામ આવે છે એ દર્શાવાયું છે.

તો ચાલો, આપણે પણ માફી માંગવાના મહત્ત્વને સમજીએ અને ભૂલોમાંથી મુક્ત થઈએ.

-ડિમ્પલ મહેતા.

## અનુક્રમણિકા


દાદાજી કહે છે...................................... ૧
અણમોલ ભેટ...................................... ૨
આ તો નવી જ વાત!................................ ૪
બની અને સની...................................... ૬
તમારી જાતને ચકાસી જુઓ!........................... ૯
ઐતિહાસિક ગૌરવગાથાઓ........................ ૧૦
ચાલો રમીએ...................................... ૧૩
મીઠી યાદેં......................................... ૧૪
બાળકો સાથે પૂજ્યશ્રી.............................. ૧૬
પઝલના જવાબો/મારી સમજણ...................... ૧૭
વિવિધ ઉત્સવો અને બાળકોની ચિત્રકળા............. ૧૮



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૨, અંક : ૫
સળંગ અંક : ૧૭
**જાન્યુઆરી ૨૦૧૦**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

અમદાવાદ: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Publisher,Editor & Printed, Published from Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Print at:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



દરેકના ધર્મમાં માફી માંગવાનું હોય છે, ખ્રિસ્તી, મુસ્લિમ, હિન્દુ, બધા ધર્મોમાં હોય પણ જુદી જુદી રીતે હોય. દરેક ધર્મમાં પસ્તાવાથી દોષો ધોવાની શરૂઆત થાય છે ને આપણે અહીં અક્રમ માર્ગમાં પ્રતિક્રમણ હોય. માફી માંગવાનો અર્થ શું કે તમે માફી માંગો તો તમારા પાપાનું મૂળ બળી જાય. એટલે ફરી એ ફૂટે નહીં.

પ્રશ્નકર્તા : પાપો દૂર કરવા પ્રાયશ્ચિત સિવાય બીજો કોઈ ઉપાય ખરો ?

દાદાશ્રી : પાપો દૂર કરવા પ્રાયશ્ચિત સિવાય બીજો કોઈ ઉપાય નથી. શેને પાપ કહીએ છીએ આપણે ? તમે ખાવ છો, પીઓ છો, ઊંઘો છો એમાં કોઈને કંઈ દુઃખ થતું નથી. પણ એમાં જો ખાવાનું ભાવે એવું ન આવે તો મમ્મી પર ખીજાય જાય ત્યારે એ અતિક્રમણ કર્યુ કહેવાય. જેનાથી બીજાને દુઃખ થાય એ અતિક્રમણ કર્યું કહેવાય.

અતિક્રમણ કરે તેને માટે જ ભગવાને પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. પશ્ચાતાપ કેટલાનો કરવાનો છે કે જે લોકોને ન ગમે, લોકોને દુઃખ થાય, એવી વાત માટે પશ્ચાતાપ કરવાનો કહ્યો છે. ગમતું હોય તેને માટે નહીં.

પ્રતિક્રમણ એટલે તમને સમજણ પડે એ રીતે માફી માંગવાની છે. તમે જે ભગવાનને માનતા હો એમની સાક્ષીએ, જેને દુઃખ થયું હોય એની અંદર બેઠેલા ભગવાનની માફી માંગવાની છે કે મારાથી આ ભૂલ થઈ છે, એ મને સમજાઈ છે અને ફરી આવી ભૂલ નહીં કરું એવું નક્કી કરું છું. આ આવું કર્યું તે ખોટું કર્યું અને આવું ફરી નહીં કરું એવી પ્રતિજ્ઞા લેવાની. છતાંય પાછું ફરી થાય તો ફરી પસ્તાવો કરવાનો. પણ જેવું દેખાયું એનો પસ્તાવો કર્યો એટલું ઓછું થઈ ગયું. એમ ધીમે ધીમે બધું ખલાસ થઈ જાય છેવટે. પણ આવું ના કરીએ તો પછી ભૂલો વધતી જાય. તમારો ગમે તેવો ખરાબ દોષ હોય, પણ તેનો તમારો ખૂબ હાર્ટિલી પસ્તાવો થાય તો એ દોષ ફરી ના થાય.



**જેમ જેમ માફી માંગતા જઈએ તેમ તેમ મન ચોખ્ખું થતું જાય અને હળવાશ અનુભવાય.**

# અણમોલ ભેટ




શિખા એની આવનાર બર્થ ડે પાર્ટી માટે તૈયારી કરવા લાગી. એ એનું કબાટ સાફ કરતી હતી, ત્યારે અચાનક એક ફોટો ફ્રેમ નીચે પડી. એણે ફ્રેમ ઉઠાવીને જોયું તો તે ફોટો સ્કૂલ યુનિફોર્મ પહેરેલી, માથામાં લાલ રિબન નાખેલી બે હસતી છોકરીઓનો હતો. તેમાંની એક હતી શિખા અને બીજી હતી હીના, કે જે પહેલા શિખાની સૌથી સારી બહેનપણી હતી. પણ છેલ્લા બે વર્ષથી શિખાએ ભાગ્યે જ હીના સાથે વાત કરી હશે...

ફોટો ધૂળથી ખરડાયેલો હતો, શિખાએ તે સાફ કર્યો. ફોટાને જોઈને શિખાને તેની અને હીના વચ્ચે બનેલ ઘટના યાદ આવી ગઈ. બીજી ઘણી બધી યાદો એના મગજમાં તાજી થઈ ગઈ.

પાંચમા ધોરણના ઉનાળુ વેકેશનમાં એ બધું ચાલુ થયું હતું. ઉનાળામાં હીનાના માસી અમેરિકાથી આવ્યા હતા. હીના તેના મોટા ભાગનો સમય એની માસી અને માસીના દીકરા સાથે વીતાવતી. માટે શિખાને ખૂબ એકલું-એકલું લાગતું હતું. હીના એના કઝીન સાથે જુદી જુદી જગ્યાએ પર્વતારોહણ માટે તથા હાઈકિંગ (લાંબા અંતર સુધી ચાલવા) માટે જતા. જ્યારે શિખા આખો દિવસ ઘરે જ રહેતી. હીનાના માસીના ગયા પછી, હીનાએ એના માસીએ લાવેલા કપડાં, શૂઝ, ગેઈમ્સ બધું શિખાને બતાવ્યું.

‘‘જો શિખા, મારા માસી આ ‘શબ્દ રમત’ લાવ્યા છે. આપણે સાથે રમીશું.’’ હીના ખુશ થતા બોલી. ‘ખૂબ સરસ’ શિખાએ ઠંડો જવાબ આપ્યો.

શિખાને એ શૂઝ ગમ્યાં પણ એ એક પણ શબ્દ બોલી નહીં. એ હીના માટે મનમાં ઊંધું વિચારવા લાગી કે હીનાની આ બધી વસ્તુઓ ખોવાઈ જાય અને એના કપડાં બગડી જાય. ધીમે ધીમે એ હીના માટે વધુ ને વધુ ઊંધું વિચારતી થઈ ગઈ.એકવાર એણે હીના સિવાય એના બધા જ મિત્રોને ઘરે રોકાવા માટે આમંત્રણ આપ્યું. હીનાને આ વાતની ખબર નહતી છતાં શિખાની ખરાબ ભાવના અને ખરાબ લાગણીઓ એને અસર કરતી હતી. ધીમે ધીમે



તેઓ એક બીજાથી દૂર થતા ગયા.

ઉનાળાનું વેકેશન પૂરું થયું અને બધા છઠ્ઠા ધોરણમાં આવ્યા. આ વર્ષથી શિખા અને હીના એકબીજાથી દૂર બેસવા લાગ્યા. શિખાએ એની સાથે બેસતી બે છોકરીઓ સાથે ફ્રેન્ડશીપ કરી લીધી. હીનાને એ અવગણતી.

સમય વીતતો ગયો. હીનાએ પણ નવા મિત્રો બનાવી લીધા. પછીના વર્ષે હીનાએ સ્કૂલ બદલી નાખી અને તેઓનો સંપર્ક તૂટી ગયો.

પણ અત્યારે એ ફોટો જોઈએ શિખાને હીના સાથે વિતાવેલા સારા દિવસો યાદ આવતા હતા. હીના હંમેશા એની સાથે જ રહેતી હતી. ગમે એવી વિકટ પરિસ્થિતિ હોય એણે શિખાને છોડી નહોતી. એણે શિખાને એના ભણવામાં પણ ખૂબ મદદ કરી હતી. અત્યારે પોતાની ભૂલને લીધે તેઓ હવે મિત્રો નથી રહ્યા.

શિખાને એની ભૂલ સમજાઈ ગઈ. એને જ હીનાની ઈર્ષા થતી હતી. એણે જ હીના માટે ખરાબ વિચારો અને ખરાબ લાગણીઓ ચાલુ કરી હતી. જ્યારે હીનાના ઓછા માર્કસ આવ્યા હતા ત્યારે પણ એ મનોમન ખૂબ ખુશ થઈ હતી. આ બધું યાદ આવતાં શિખાની આંખમાં પાણી આવી ગયા. એ રાત્રે એણે હીના સાથે કરેલા ગેરવર્તન બદલ ખૂબ પસ્તાવો કર્યો. કહેવાય છે ને કે સામા માટે કરેલા ખરાબ વિચારોની અસર એને પહોંચે છે એમ કરેલા પ્રાયશ્ચિતની અસર પણ એને પહોંચે છે. હીનાની મનોમન તો માફી માગી પણ એને હીનાની રૂબરૂ માફી માગી લઈને કાયમને માટે પડેલી તિરાડને પૂરી દેવી હતી. આ માટે એણે ભગવાનને પણ પ્રાર્થના કરી.



બર્થ ડેનો દિવસ આવી પહોંચ્યો. એ હીના સાથે ફરીથી ફ્રેન્ડ બનવા થનગની રહી હતી. એણે ખૂબ હિંમત ભેગી કરી હીનાને ફોન કર્યો. સામેથી ફોન ઉપાડતાં એ બોલી,



"હેલ્લો હીના, શિખા બોલું છું." એના અવાજમાં નરમાશ હતી.


"હાય શિખા... હું તારો જ વિચાર કરતી હતી. હેપ્પી બર્થ ડે !! મેની મેની હેપી રિટર્નસ ઓફ ધ ડે" હીનાનો અવાજ આવ્યો. શિખા માટે આ ખૂબ જ આશ્ચર્ય હતું કે હીનાએ એની સાથે આટલી સરસ રીતે વાત કરી અને હીનાને એનો બર્થ ડે પણ યાદ હતો.

"આજે મેં મારા બર્થ ડે નિમિત્તે ઘરે પાર્ટી રાખી છે. બધા જ મિત્રોને આમંત્રિત કર્યા છે. તું આવીશ ?" શિખાએ પૂછ્યું.


"હા ! ચોક્કસ. મને પણ ઘણા સમયથી તને મળવાની ઈચ્છા હતી." હીનાએ ખુશી ખુશી જવાબ આપ્યો. શિખાના આશ્ચર્યનો પાર ન રહ્યો. દિલથી કરેલા પસ્તાવા કેવું જોરદાર પરિણામ આપે છે એનો શિખાને સાક્ષાત્ અનુભવ થયો.

બર્થ ડે પાર્ટીમાં પણ બન્ને જણા એટલી હળવાશથી મળ્યા જાણે કંઈ બન્યું જ નથી. આ શિખા માટે એના જન્મદિનની ભેટ અણમોલ હતી. આમ તેઓ બન્ને ફરીથી સારા મિત્રો બની ગયાં.


# આ તો નવી જ વાત !




કોઈ પણ ખોટું કાર્ય કર્યા પછી ખુશ થશો તો કુદરત એનું ત્રણ ગણું ફળ આપશે અને જો પસ્તાવો કરો તો દંડ ઘટી જાય. દા.ત. ચોર માણસ ચોરી કર્યા પછી ખુશ થાય તો એના ફળરૂપે એનો જે દંડ બાર મહિનાનો થવાનો હોય, તો તે ત્રણ વર્ષનો થઈ જાય અને જો એ ચોરી કર્યા પછી પસ્તાવો કરે તો બાર મહિનાનો જે દંડ થવાનો હોય તે છ મહિનાનો થઈ જાય.




પાપથી પાછા વળવું એનું નામ પ્રતિક્રમણ. રસ્તામાં જતા હોઈએ અને જવાનું હોય એના કરતાં આગળ નીકળી જઈએ ત્યારે ''યુ'' ટર્ન મારી પાછા ફરવું એનું નામ પ્રતિક્રમણ.


સામાને દુઃખ થાય એ પાપ. કોઈ પણ જીવને, એ પછી મનુષ્ય હો કે જાનવર હો કે ઝાડ હો. દા.ત. ઝાડને આમ વગર કામનાં પાંદડાં તોડ તોડ કરીએ તો એનેય દુઃખ થાય. એટલે એ પાપ કહેવાય.
સૂઝ નામની શક્તિ શેનાથી ખીલે? જેટલી ભૂલ ભાંગે (ઓછી થાય) તેમ સૂઝ ખીલતી જાય! ભૂલ કબૂલ કરી લે ને માફી માગી લે ત્યારથી તો એ શક્તિ બહુ વધતી જાય.

# બની અને સની

**બની (સસલો) અને સની (રીંછ) બન્ને ખૂબ સારા મિત્રો હતા. તેઓ એક જ કલાસમાં ભણતા અને આખો દિવસ સાથે જ રમતા. એક દિવસ બપોરે બની, સનીની ગુફા પાસે આવ્યો.**











**બનીને ખૂબ દુઃખ લાગી આવે છે. એ એની સાયકલલઈ તરત જ ચાલ્યો જાય છે. મિસિસ આઉલી, તેઓના ઈંગ્લિશ ટીચર, ત્યાંથી પસાર થતા હોય છે અને બની-સનીની લડાઈ સાંભળે છે. પણ તેઓ શાંતિથી સાંભળી ત્યાંથી ચાલ્યા જાય છે.**



બીજા દિવસે સ્કુલમાં બની, સનીની બાજુમાં ન બેઠો. રિશેષમાં પણ એ સીમી (ખિસકોલી) અને મનુ (ઉંદર) સાથે બેઠો. સનીને બહુ અતડું લાગ્યું પણ એને ખબર હતી કે ભૂલ મારી જ છે. તેના શબ્દોથી બનીને દુઃખ થયું છે અને એમની ફ્રેન્ડશીપ તૂટી ગઈ છે.



રિશેષ પછી મિસીસ આઉલીનો કલાસ હતો.










મિસીસ આઉલી કંપાસ બોક્સમાંથી રબ્બર લે છે. એને બતાવતાં





ક્લાસ પૂરો થયા પછી સની મિસીસ આઉલી પાસેથી કંપાસ બોક્સ લે છે.



સની તેના કંપાસ બોક્સમાંથી પેન્સિલ કાઢે છે અને એક પેપરમાં લખી બનીને મોકલાવે છે , ''પ્રિય બની, ગઈ કાલે તારી સાથે કઠોર ભાષામાં વાત કરી તે માટે હું માફી માંગું છું. મને ખબર છે કે તને એનું બહુ ખરાબ લાગ્યું છે. પ્લીઝ, મને માફ કરી દઈશ ?''


થોડીક જ ક્ષણોમાં સનીને બનીનો કાગળ મળે છે જેમાં લખ્યું હોય છે, ''હા, ચોક્કસ! આપણે ફરીથી મિત્રો બનીએ. શું આજે તળાવ પાસે બાઈક ચલાવવા જવું છે ? '' બની પાછળ જુએ છે અને સની સામે હસે છે...



જોયું મિત્રો, બનીને દુઃખ અપાઈ ગયા પછી સનીએ કેવું વાળી લીધું (સુધારી લીધું) ! એ જ રીતે આપણાથી પણ ભૂલ થઈ જાય તો આપણે પણ વાળી લેવું જોઈએ.

# તમારી જાતને ચકાસી જુઓ !

એક વર્ષથી નીકી અને ખુશી સારા મિત્રો હતા. તેઓ આખો દિવસ સાથે જ દેખાતા. એક મહિના પહેલા, એક શનિવારે ખુશી, નીકીના ઘરે ગણિતનું હોમવર્ક કરવા જાય છે. ખુશીને એક દાખલો ગણવામાં મુશ્કેલી પડતી હતી. માટે તેણે નીકીને મદદ કરવા કહ્યું, પણ નીકી તેનું હોમવર્ક કરવામાં વ્યસ્ત હતી તેથી એણે ખુશી તરફ દુર્લક્ષ સેવ્યું. ખુશીએ થોડી રાહ જોઈ અને પછી ફરીથી કહ્યું, ''નીકી, મહેરબાની કરીને આ દાખલો ગણવામાં મદદ કરને. તે મારા માટે મુશ્કેલ છે.'' નીકી એ કહ્યું, ''અરે ખુશી, તું મને હેરાન ન કર. મને મારું હોમવર્ક પૂરું કરવા દે. તું એક નાનો દાખલો ગણી શકતી નથી?'' ખુશીને બહું ખોટું લાગ્યું. તે નીકીના ઘરેથી નીકળી ગઈ. શું તમને એવું લાગે છે કે નીકીએ તેની મિત્રતા ટકાવી રાખવા કંઈક કરવું જોઈએ ? નીકીને તેની મિત્રતા જાળવી રાખવા નીચેના મેઝ દ્વારા સવાલનો જવાબ આપી મદદ કરો.



| | |
|---|---|
| (A)તમને તમારા હોમવર્કમાં કંઈ આવડતું ન હોય અને તમારા મિત્ર તમને મદદ ન કરે તો તમને દુ:ખ થાય ? | હા - ડાબી બાજુ જાઓ<br>ના - સીધા જાઓ |
| (B)યાદ રાખો એ સમય કે જ્યારે તમારા મિત્ર તમને ભણવામાં મદદ કરે છે. શું આ રીતે તમે તમારા મિત્રને મદદ કરશો ? | હા - સીધા જાઓ<br>ના - જમણી બાજુ જાઓ |
| (C)શું તમે કોઈને દુ:ખ આપ્યા પછી ખુશ રહો છો ? | હા - ડાબી બાજુ જાઓ<br>ના - જમણી બાજુ જાઓ |
| (D)શું તમારે કંઈ જ કરવું નથી અને તમારે તમારો મિત્ર ગુમાવવો છે ? | હા - નીચે તરફ જાઓ<br>ના - ડાબી બાજુ જાઓ |
| (E)શું તમે માફી માંગી તમારી મિત્રતા ટકાવી રાખવા માંગો છો ? | હા - જમણી બાજુ જાઓ<br>ના - ડાબી બાજુ જાઓ |


હવે પેજ નંબર ૧૭ પર જાઓ.

ક્ષિતિપ્રતિષ્ઠા નામનું નગર હતું. તેના રાજાનું નામ પૃથ્વીપાળ હતું. રાજા એક વાર શિકારે નીકળ્યા. એમણે મોરનો શિકાર કરવા બાણ છોડ્યું. બાણ વાગતાં જ ઝાડ ઉપર બેઠેલો મોર ચીસ સાથે ભોંય પર પડ્યો. તીર શરીરમાં ખૂંપી ગયું પણ પ્રાણ હજુ ગયો નહોતો. તીરના ઘાથી મોર જીવન-મરણ વચ્ચે તરફડિયા ખાતો હતો. મોરના મૃત્યુની કારમી વેદના જોઈ રાજાને ખૂબ દુઃખ થયું, 'અરેરે ! મેં આ કેવું ખરાબ કામ કર્યું ! મેં નિર્દોષ જીવને તીરથી વીંધી નાખ્યો. આ રીતે કોઈ મારાથી બળવાન માણસ કે પશુ મને વીંધી કે ફાડી નાખે તો મારી હાલત આ મોર જેવી જ થાયને.'

રાજા મોર પાસે ગયો. હળવેકથી તીર ખેંચી લીધું અને લોહી બંધ કરવાનો પ્રયત્ન કર્યો. મોરને પંપાળી તેની ક્ષમા માંગવા લાગ્યો. રાજાની સારવાર અને પ્રેમથી મોરને શાંતિ લાગી અને શુભધ્યાન કરવા લાગ્યો. થોડીવારમાં જ તે મૃત્યુ પામ્યો. શુભધ્યાનમાં મૃત્યુ થવાના કારણે એ વિશાળપુર નગરમાં મનુષ્યરૂપે જન્મ પામ્યો.

એક દિવસ રાજાએ એક મુનીરાજને એક શિલા ઉપર બેઠેલા જોયા. રાજા એમની પાસે ગયા. મુનિએ એમને ઉપદેશ આપ્યો કે, ''જીવદયા


# ઐતિહાસિક ગૌરવગાથાઓ



ધર્મની માતા જ છે.'' આ સાંભળી રાજાએ તરત જ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. મહેલમાં પાછા ફરી પૃથ્વીરાજ રાજાએ જાળ, ધનુષ્યબાણ જેવા જીવહિંસાના તમામ સાધનો બાળી નાખ્યા. શ્રાવકધર્મનું પાલન કરતાં કરતાં તેઓ મૃત્યુ પામી વિશાળપુર નગરમાં જ સુનંદ નામે ખૂબ શ્રીમંત અને ધનાઢ્ય વેપારી થયા.

આ બાજુ મોરનો જીવ પણ વિશાળપુર નગરમાં જ મનુષ્યભવ પામ્યો હતો, જે રાજાનો સેવક હતો. એક દિવસ તે સેવકે સુનંદ વેપારીને જોયો. પૂર્વભવના સંસ્કારથી સુનંદને જોતાં જ સેવકના મનમાં એની હત્યા કરવાનો વિચાર આવ્યો અને તે દિવસથી સેવક સુનંદની હત્યા કરવાની તક જોવા લાગ્યો.

થોડા દિવસ બાદ સેવકે રાણીનો રત્નહાર ચોરી લીધો અને જ્યાં સુનંદ





ધ્યાનમાં બેઠો હતો, ત્યાં જઈ ચોરેલો હાર કાળજીપૂર્વક સુનંદના ગળામાં પહેરાવી દીધો. આ બાજુ રાણીને રત્નહાર ગુમ થયાની જાણ થઈ. રાજાએ તરત જ સેવકોને ઘરે ઘરે જડતી લેવા મોકલ્યા. સેવક સૈનિકોને લઈને સુનંદ પાસે આવ્યો. સુનંદ તો ધ્યાનમાં તલ્લીન હતો. ગળામાં રત્નહાર પહેરેલો હતો. રાજસેવકો એને બાંધીને રાજા પાસે લઈ ગયા.

રાજાએ સુનંદને હાર વિશે પૂછ્યું. સુનંદે કોઈ જવાબ ન આપ્યો. રાજાએ ગુસ્સે થઈ સુનંદનો વધ કરવા હુકમ કર્યો. બીજે દિવસે રાજાની આજ્ઞાથી પેલો સેવક જેવો સુનંદનો વધ કરવા તલવાર ઉપાડે છે ત્યાં તો તલવારના ટુકડે-ટકડા થઈ ગયા.

“રાજાએ ગુસ્સે થઈ સુનંદનો વધ કરવા હુકમ કર્યો. બીજે દિવસે રાજાની આજ્ઞાથી પેલો સેવક જેવો સુનંદનો વધ કરવા તલવાર ઉપાડે છે ત્યાં તો...”

આ જોઈ બધા અચરજ પામી ગયા. બીજા સેવકોએ પણ પોતપોતાના હથિયારથી ઘા ઉગામવાના પ્રયત્નો કર્યા, પણ દરેક શસ્ત્રના ટુકડે-ટુકડા થઈ ગયા. અંતે આ હકીકત રાજાને જણાવી. આ સાંભળી રાજા તરત જ ત્યાં આવ્યા અને સુનંદને છોડી દેવાની આજ્ઞા આપી. મુક્તિ મળતાં જ સુનંદ પોતાને ઘેર ગયો અને પરવારીને રાજા પાસે આવ્યો. અને વિનયથી કહ્યું, “રાજન, હું શ્રાવક છું. અમે કદી ચોરી નથી કરતાં. આવાં તો ઘણા રત્નહાર મારા ભંડારોમાં છે.” રાજા સુનંદની સાથે ગયા. એનો ધનભંડાર જોઈ રાજા અજાયબી પામ્યા. રાણીના રત્નહાર કરતાં





પણ કીમતી હાર એના ભંડારમાં હતા. છેવટે સુનંદે રાજાને કહ્યું," રાજન, કાલે મારે પર્વનો દિવસ હતો. તે દિવસે હું કંઈ પણ આભૂષણ વિશે વાત કરી શકું નહીં. તેથી તમે હાર વિશે પૂછ્યું, ત્યારે મેં તમને કોઈ જવાબ ન આપ્યો." આ સાંભળી રાજાને સુનંદ માટે માન થયું.


સમય જતાં સુનંદે પોતાનો કારભાર પુત્રને સોંપી દીક્ષા લીધી. કાળક્રમે એમને કેવળજ્ઞાન થયું. તેઓ વિહાર કરતાં કરતાં વિશાળપુર નગરીમાં પધાર્યા. પેલો સેવક એમને જોઈ ફરી દુષ્ટ વિચારો કરવા લાગ્યો. આ જોઈ સુનંદ કેવળીએ પેલા સેવકને ઉપદેશ આપ્યો, "તું પૂર્વભવે મોર હતો. મારા છોડેલા બાણથી તું મૃત્યુ પામ્યો હતો. હવે તું મનુષ્યભવ પામ્યો છે, તો તું આવા દુષ્કૃત્યો છોડી દે. આવાં કામો તને સંસારમાં રઝળાવશે."

આ સાંભળી સેવકને જાતિસ્મરણજ્ઞાન (પાછલા ભવો જોઈ શકે એવું જ્ઞાન) થયું. એણે નિખાલસપણે રત્નહારની ચોરીની વાત બધાને જણાવી. પોતાની ભૂલ બધાની વચ્ચે કબૂલ કરી અને માફી માંગી. ત્યાર બાદ એણે દિક્ષા લીધી.

આ રીતે મોરનો જીવ પોતાની ભૂલનો પસ્તાવો કરી સુનંદ સાથેના વેરમાંથી છુટી ગયો અને કલ્યાણના માર્ગે આગળ વધ્યો.

જોયું મિત્રો, દિલથી કરેલા પસ્તાવાથી ગમે એવું વેર પણ છૂટી જઈ શકે છે.

# ચાલો રમીએ...



## (૧)

3×3 ના બ્લોકની અંદર આપેલા ચોરસ ખાનાઓમાં ૧ થી ૯ સંખ્યા પૂરો. ડોટેડ લાઈનના એરિયામાં કોઈ પણ એક સંખ્યા બે વાર આવવી ના જોઈએ. ડોટેડ લાઈનના એરિયામાં પૂરેલી સંખ્યાઓનો સરવાળો ગોળ આકારમાં આપેલો છે.

## (૨)

આ ચિત્રમાં ખોટું શું છે તે શોધી કાઢો.





## (3)

બાજુમાં આપેલા ચિત્રમાં કુલ કેટલા કપ છે તે શોધો.



દાદા જ્યારે એલ.એ.માં હતા ત્યારે એમની તબિયત સારી નહોતી. જ્ઞાન લેવા માટે ઘણા લોકોને ઈચ્છા હતી પણ એમનામાં જ્ઞાન આપી શકાય એવી તાકાત નહોતી. એક બહેનને જ્ઞાન માટે ખૂબ તાલાવેલી લાગી હતી. એ રોજ આવે ને દર્શન કરી જાય ને પૂછતી જાય કે દાદા મને ક્યારે જ્ઞાન મળશે? એવામાં દાદાની તબિયત થોડી સારી લાગી એટલે જ્ઞાનવિધિ જાહેર કરી. પેલી બેન એના પતિને લઈને જ્ઞાનવિધિમાં આવી.

બીજે દિવસે સવારે છ વાગે દાદાએ, આગલે દિવસે જેટલાએ જ્ઞાન લીધું હતું એ બધાને બોલાવ્યા. વારાફરતી બધા આવતા'તા. પેલી બેન એના પતિને લઈને નવ વાગે આવી. સવારે છ વાગ્યાથી દર્શન ચાલુ હોવાથી દાદા થાકી ગયા હતા. તેથી દાદા થોડી વાર માટે સૂતા. દાદા જાગે નહીં ત્યાં સુધી દર્શન અટકાવી રાખ્યા. દાદાને નબળાઈ હોવાથી એમને બરાબર ઊંઘ આવી ગઈ. પાંચ મિનિટની બદલે દાદા દોઢ કલાકે જાગ્યા. પેલી બેનનો પતિ રાહ જોઈ જોઈને જતો રહ્યો. જેવા દાદા જાગ્યા અને દર્શન માટે દરવાજો ખુલ્યો કે તરત પેલી બેન રડતી રડતી દાદા પાસે આવી અને કહ્યું, ''દાદા, મારા પતિ દોઢ કલાક સુધી

# મીઠી

રાહ જોઈને ખૂબ નારાજ થઈને હમણાં જ ગયા. હવે એના જ્ઞાનનું શું થશે?'' દાદાએ કહ્યું, ''તું ચિંતા ના કરીશ. તું તારા પતિને ગમે તેમ કરીને લઈ આવ.'' એ કહે, ''એ નહીં આવે.'' દાદા કહે, ''અમે તને કાગળ લખીને આપીએ છીએ. તું એને વંચાવજે.'' એમ કહી દાદાએ નીરુમા પાસે કાગળ લખાવ્યો કે, 'ભાઈ, તમે આવી જાવ. અમારી ભૂલ થઈ છે. તમે આવ્યા ને અમે આરામમાં હતા અને તમારે પાછું જવું પડ્યું. અમને માફ કરજો. તમે પાછા એક વાર દર્શન કરવા આવી જાવ.' અને નીચે સાઈન કરી અને સીલ કરીને આપ્યો. પત્રને એના પતિએ કંઈ ધ્યાનમાં ન લીધો.

પંદર દિવસ પછી પેલી બેન એકવાર રાત્રે સાડા નવ વાગે દાદાના દર્શન કરવા આવી. એને જોઈને દાદાએ તરત પૂછયું, ''તું એકલી કેમ આવી ? જા, તારા પતિને બોલાવી લાવ.'' બેન કહે, '' એ નીચે ગાડીમાં બેઠા છે અને કહે છે કે તું જા. મારે નથી આવવું. તું દર્શન કરીને જલ્દી આવી જા. હું નીચે જ તારી રાહ જોઉં છું. ઉપર આવવા માટે માનતા જ નથી.'' આથી નીરુમા એમને બોલાવવા નીચે ગયા. નીરુમાએ એમને કહ્યું, ''દાદા ઉપર તમારી રાહ જોઈ રહ્યા છે, ચાલો.'' પેલો ભાઈ તો તરત જ ચાલવા લાગ્યો. એને આવતો જોઈને બધા ખુશ થઈ ગયા.

ભાઈ જેવો અંદર આવ્યો કે તરત દાદાએ એટલી કરુણાથી એને કહ્યું , ''તમે આવ્યા! અમે તમારી બહુ રાહ જોઈ. તે દિવસે અમારી બહુ મોટી ભૂલ થઈ ગઈ. અમે તમને ખૂબ રાહ જોવડાવી અને તમારે જતું રહેવું પડ્યું. તમે આવ્યા ને અમારી આંખ મીંચાઈ ગઈ. ટાઈમ જતો રહ્યો, અમને ખબર ના પડી. ખરેખર અમારી જ ભૂલ કહેવાય.'' પેલો કહે, ''ના...ના...ના... એવું કશું નથી. મને તમારા માટે જરાય ખરાબ નથી લાગ્યું.'' દાદા કહે,'' ના, તમે મને માફ કરી દો. ગમે તે હોય, અમારી જ ભૂલ છે.'' પેલો તો એટલો બધો આશ્ચર્ય સાથે ચોંકી ગયો. એ કહે, ''ના દાદા, તમારી ભૂલ નથી.'' દાદા કહે, ''ના, એવું નહીં. તમે મારા માથા ઉપર હાથ મૂકીને કહો કે દાદા, મેં તમને માફ કરી દીધા.'' આ સાંભળીને બધાની આંખમાં પાણી આવી ગયા. એટલી કરુણાથી દાદાએ કહ્યું. દાદાનું આટલું બધું લઘુતમ પદ બધા જોઈ જ રહ્યા. ક્ષમા માંગીને છૂટવાની એમની કેવી જબરજસ્ત ભાવના! દાદા કહ્યા કરે ને પેલો ભાઈ રડતો જાય. છેવટે દાદાએ પેલા ભાઈના હાથ પોતાના હાથમાં લીધા અને જાતે જ પકડીને પોતાના માથે મુકાવડાવ્યા અને કહ્યું, ''હવે કહો કે દાદા, અમે તમને માફ કરી દીધા.'' પેલો રડતો જાય ને છેવટે બોલ્યો કે 'દાદા મેં તમને માફ કરી દીધા.' પેલો બિચારો તો પાણી પાણી થઈ ગયો હતો. ત્યારથી એ દાદાનો પરમ ભક્ત બની ગયો.

દાદાની કેવી કરુણા ! કેવી લઘુતા ! છૂટવાની કેવી વૃત્તિ હશે કે ક્યાંય હિસાબ ના બંધાયો. પોતાની ભૂલનો કેટલો જબરજસ્ત એમને અહેસાસ હતો. સામો ગમે તેટલી આડાઈ કરે, ગમે તે કરે પણ પોતે પોતાની ભૂલ છે એમ માફી માગીને છૂટી જાય.

પ્રશ્નકર્તા : હું નાનપણથી જ જિદ્દ કરીને પપ્પા પાસેથી કોઈ પણ ચીજ મેળવી લેતો હતો. પણ મેં અજાણતા આ ભૂલ કરી હતી. મેં મારા પપ્પાને દુઃખી કરીને ચીજવસ્તુ મેળવેલી તેનો મને ખૂબ જ પસ્તાવો થયા કરે છે, તો હું શું કરું?

પૂજ્યશ્રી : એના પ્રતિક્રમણ કરવાના. અને એક વખત પપ્પાને પગે લાગીને માફી માંગી લેવાની. પપ્પા મેં તમને આ જિદ્દ કરીને બહુ પજવેલા. મને માફ કરી દો. પછી પૂછવાનું મને માફ કરી દીધાને?

પ્રશ્નકર્તા : મેં પપ્પાને આ રીતે કરેલું પણ તોય મને પ્રતિક્રમણ કર્યા પછી પણ એવો વિચાર આવે છે કે મેં જે આ કર્યું તે બહુ ખોટું કર્યું છે.

પૂજ્યશ્રી : ભૂલ કરી તો પહેલું પગથિયુ પસ્તાવો લેવો. પછી બીજુ પગથિયુ જો પસ્તાવો થયા કરે છેને તો પછી નિશ્ચય કરવો કે ફરી ક્યારેય આવી ભૂલ કરવી નથી.

પ્રશ્નકર્તા : મિત્રની ચીજો જોઈને મને એવું થતું કે મારે આ વસ્તુ મેળવવી છે.

પૂજ્યશ્રી : બોલો, હવે દેખાદેખીમાં આપણે પપ્પાને કેટલા દુઃખી કરીએ છીએ. એ લોકો જેમતેમ કરીને આપણું પૂરું કરતા હોય અને આપણે જિદ્દ કરીએ તો એનો અડધો પગાર વપરાય જાય. કેટલું દુઃખ થાય ! છતાં મા-બાપ છોકરાના સુખને માટે કેટલી મુશ્કેલીઓ વેઠીને પણ હેલ્પ કરતા હોય છે.

પ્રશ્નકર્તા : મારા મિત્રે એક વસ્તુ લીધી. મારે ય એ વસ્તુ મેળવવી છે. પપ્પા ના પાડતા હતા કે નથી લેવી. તારા સારા માટે નથી લેવી. તો ય મને એ દેખાતું જ નહોતું કે પપ્પા સાચું કહે છે.

પૂજ્યશ્રી : ના, પણ આવું હવે આપણને સમજાયું. તો આ બધાયે શીખવા જેવું છે કે કોઈક દા'ડો આપણે જિદ્દ કરીએ. પપ્પાને દુઃખ આપીએ. જેમતેમ બોલી દઈએ. ઘણી વાર તો એવું યે કહીએ કે મારો બાપ કંજૂસ છે પૈસા નથી આપતો. અરે ! આવું બોલાતું હશે ? તો તને સ્કૂલમાં પૈસા નથી આપતા ? ખાવા પીવા નથી આપતા ? તને કાંઈ લોન્ડ્રીમાં કપડા ધોવડાવે છે ? પપ્પા-મમ્મી બધું હેલ્પ નથી કરતા? સંસ્કારી છોકરાને આવું બધું શોભે નહીં. મેં મારા પપ્પાને કોઈ દા'ડો દુઃખ આપ્યું નથી. કે મારે આટલું જોઈએ છે કે પછી કોઈ દા'ડો પજવ્યા જ નથી.

---

પ્રશ્નકર્તા : મનમાં જ ગુસ્સો આવે તો પ્રતિક્રમણ કરવા પડે ?

પૂજ્યશ્રી : હા, કરવા પડે. પ્રતિક્રમણ ના કરીએને તો પછી ગાંઠ મોટી થાય. પછી વાણીમાં ય આવે ને પછી વર્તનમાં ય આવી જાય. એના કરતાં મનમાં ને મનમાં ભૂંસી નાંખીએ તો ખલાસ થઈ જાય.



# બાળકો સાથે પૂજ્યશ્રી

# પઝલના જવાબો

(૧)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૭ | ૩ | ૫ | ૬ | ૯ | ૮ | ૧ |
| ૫ | ૬ | ૯ | ૮ | ૪ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૧ | ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૪ | ૫ | ૬ |
| ૪ | ૭ | ૨ | ૧ | ૬ | ૮ | ૫ | ૩ | ૯ |
| ૯ | ૧ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૬ | ૮ |
| ૮ | ૫ | ૬ | ૯ | ૨ | ૩ | ૧ | ૭ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૬ | ૧ | ૫ | ૮ | ૯ | ૩ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૩ | ૯ | ૭ | ૧ | ૨ |
| ૩ | ૯ | ૧ | ૨ | ૮ | ૭ | ૬ | ૪ | ૫ |


(૨)



(૩) ૧૪ કપ

## તમારી જાતને ચકાસી જુઓ !

**અહીં આપેલ મેઝમાં તમારે A થી શરૂ કરવાનું છે તમે નક્કી કરેલ જવાબ મુજબ તે દિશામાં આગળ વધીને જુઓ કે શું તમારી મિત્રતા ટકી રહેશે કે નહીં ?**




## મારી સમજણ



તમે તમારા નાના ભાઈને તમારી પેન્સિલ ખોઈ નાખ્યા બદલ જોરથી વઢી નાખો છો. નાનો ભાઈ ઘણી વાર તમને કહે છે કે એણે પેન્સિલ નથી ખોઈ છતાં તમે માનતા જ નથી અને એને ખૂબ વઢો છો. રાત્રે તમારી સ્કૂલ બેગ ગોઠવતા તમને પેન્સિલ તમારી બેગમાંથી જ મળે છે. ત્યારે તમને યાદ આવે છે કે તમે જ પેન્સિલ બેગમાં મૂકી હતી. તમને ખૂબ અફસોસ થાય છે. તમારો ભાઈ નારાજ થઈને સૂઈ ગયો હોય છે. તમે શું કરશો ?

### ગયા અંકની કલમ'મારી સમજણ'નો પ્રતિભાવ

હું મારા પપ્પા વિષે કાંઈપણ ખોટું વિચારીશ નહીં અને મારા પપ્પાને વઢીશ પણ નહીં. પપ્પા એ મને સાયકલનું પ્રોમિસ આપ્યું હતું. તે આજે એક અઠવાડિયું પણ પૂરું થઈ ગયું છે એવું હું મારા પપ્પાને યાદ પણ નહીં દેવડાવું કારણ કે મારા પપ્પાની કાંઈ મજબૂરી હશે. હું શાંતિથી કામ લઈશ અને ગુસ્સે પણ નહીં થઉં. પપ્પા માટે હું અંદરથી ગુસ્સો પણ નહીં લાઉં. પપ્પાને દુ:ખ થશે તો તેની સજા મને થશે, તેથી પપ્પાએ પ્રોમિસ આપ્યું છે તો અઠવાડિયા પછી પણ સાયકલ તો લાવી આપશેને! મને મારા પપ્પા પર પૂરેપૂરો ભરોસો છે.

નામ: અરૂણ ચાવડા,
ચલોડા,
ઉંમર વર્ષ : ૯

Akram Express

January 2010
Year : 2, Issue : 5
Conti. Issue No.: 17

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# વિવિધ ઉત્સવો અને બાળકોની ચિત્રકળા

**ખૂંટ એક્તા,ઉંમરઃ ૧૨ વર્ષ, વડોદરા**



**કાકરિયા ભૂમિ, ઉંમરઃ ૧૦ વર્ષ, વડોદરા**




**દર્શન ગોહિલ,ઉંમરઃ ૧૨ વર્ષ, વડોદરા**



**પટેલ ભૂમિ, ઉંમરઃ ૧૨ વર્ષ, વડોદરા**



**રાઠોડ દિપેશ,ઉંમરઃ ૧૨ વર્ષ, વડોદરા**



માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.